# દાદા નિશાળે ગયા

– મૂળશંકર ભટ્ટ



એક હતો ડોસો. તેને ચાર દીકરા હતા. ડોસાની અવસ્થા પાકી થઈ એટલે તેને થયું કે માલ-મિલકત છોકરાંઓને વહેંચી દઈએ ને હવે રહ્યાસહ્યા દિવસો વારાફરતી છોકરાંઓ સાથે ગાળીએ.

એમ વિચારી ડોસો સૌથી મોટા દીકરા ભેગો રહેવા ગયો. શરૂ-શરૂમાં તો મોટા દીકરાએ બાપાને સારી પેઠે સાચવ્યા. ''આપણો બાપ છે, તેને તો સારી રીતે ખાવાપીવાનું, પહેરવા-ઓઢવાનું આપવું જ જોઈએને !'' થોડાક દિવસ આમ ચાલ્યું. દીકરો બાપાની આમન્યા રાખતો હતો, પણ વખત જતાં મોટા દીકરાને બાપા પર અભાવો થવા લાગ્યા ! ને કંઈક ને કંઈક બહાને તે બાપ પર ચિડાવા લાગ્યો ને અવારનવાર તે મોટેથી બૂમો પાડીને ધમકાવવા લાગ્યો.

ડોસાને લાગવા માંડ્યું કે ઘરમાં હવે તે પરાયા જેવો થઈ પડ્યો છે. તેનાં ફાટેલાં લૂગડાંને પણ હવે કોઈ થીંગડું કે ટેભા મારી દેતું નથી; તેને કોઈ ભાણે બેસાડીને જમવા આપતું નથી. મોટા દીકરાને થવા માંડ્યું કે આ ડોસો મારે માથે પડ્યો છે. બાપાના મોઢામાં અનાજનો એક કોળિયો જાય તે જોઈને તેનો જીવ કપાવા લાગ્યો.

બાપ હવે શું કરે ? તે મોટાના ઘેરથી નીકળીને બીજા છોકરાને ત્યાં ગયો પણ તેણે જોઈ લીધું કે આ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું જ થયું છે. તે ખાવા બેસતો ત્યારે તેનો દીકરો ને દીકરાની વહુ આંખો કાતરતાં ને દાઢમાંથી કંઈક એવું બોલતાં કે ડોસાનું ખાધેલું બળી જાય. વહુ તો તેના

ધણીને ડોસાના દેખતાં સંભળાવતી, ''આ આપણે માંડ આપણો વહેવાર ચલાવીએ છીએ, ત્યાં આ બલા ગળે વળગી.'' ડોસો અહીંથી પણ ધરાઈ ગયો ને ત્રીજા છોકરાને ત્યાં ગયો. ત્રીજો આગલા બેયનું માથું ભાંગે તેવો હતો. તેને ત્યાં તો ડોસો થોડા જ વખતમાં ગળે આવી ગયો, ને છેવટે ચોથા છોકરાને ત્યાં રહેવા ગયો.

ચોથો છોકરો તો આગલા ત્રણેયને સારા કહેવડાવે એવો નીકળ્યો. હવે ડોસો મૂંઝાયો. એક છોકરાને ઘેરથી બીજા છોકરાને ત્યાં આંટો મારવા માંડ્યો પણ દરેક છોકરાએ તેને બીજાને ઘરે ધકેલવા માંડ્યો. ચારેય છોકરાઓ અંદરોઅંદર એકબીજાને પોતાની મુશ્કેલીઓ બતાવવા લાગ્યા. એક કહે, ''મારું ઘર સાવ નાનું છે.'' બીજો કહે, ''મને વાંધો નથી પણ મારી ઘરવાળી ના પાડે છે.'. ત્રીજો કહે, ''મારે ત્યાં છોકરાં ઘણાં છે.'' ચોથો કહે, ''મારે મારા છોકરાનુંય માંડ પૂરું થાય છે.'' બધાએ ડોસાને કહ્યું, ''હવે તમને ફાવે ત્યાં જાઓ:, અહીં અમારે આંગણે ન આવતા.''

ડોસો બધા છોકરાંઓની પાસે રોઈ પડ્યો. ડોસાને કોઈ ઉપાય સૂઝતો નહોતો. એટલે તેણે નક્કી કર્યું કે હવે છોકરાંઓને મારું જે કરવું હોય તે કરે. એટલે ચારેય છોકરાંઓ ડોસાનું શું કરવું તે નક્કી કરવા ભેગા થયા. આખરે બધાએ ખૂબ ખૂબ વિચાર કરીને એમ ઠરાવ્યું કે દાદાને નિશાળે ભણવા મોકલવા. ત્યાં તે નિશાળે બાંકડા પર બેસી રહેશે ને અહીંથી થોડું ભાતું આપશું તે ખાધા કરશે.

છોકરાંઓએ બાપાને આ નિર્ણય જણાવ્યો. ડોસો કહે, ''દીકરાઓ, તમે કંઈ વિચાર કરો છો કે નહિ ? આ ઉંમરે હવે મને ભણવા જવાનું કહો છો ? મને આંખે પૂરું સૂઝતું નથી, ત્યાં હું ચોપડીમાંથી, ઝીણાઝીણા અક્ષરો ક્યાંથી વાંચી શકું ? વળી આખી જિંદગીમાં એક અક્ષર પણ ભણ્યો નથી, તે આ ઉંમરે હવે મને ભણતર ચડે ખરું ?''

છોકરાંઓએ કહ્યું, ''એ અમે કાંઈ ન જાણીએ. અમે નક્કી કર્યું છે કે તમારે નિશાળે ભણવા જવું, પડખેના શહેરમાં નિશાળ છે ત્યાં ઊપડો, અમે ભાતું આપીએ છીએ તે સાથે લેતા જાઓ.''

ડોસો તો બિચારો લાચાર થઈને છોકરાંઓના કહેવા પ્રમાણે નિશાળે જવા નીકળ્યો. શહેર તરફ જતી સડક ઉપર ચાલ્યો જતો હતો, ત્યાં સામેથી એક મોટા અમીરની ઘોડાગાડી આવતી જોઈને તે સડકની કોરે ખસીને ઊભો રહ્યો. પેલી ઘોડાગાડી ઊભી રહી ને અંદર બેઠેલા અમીરે ડોસાને પૂછ્યું, ''દાદા, આમ કઈ બાજુ જાઓ છો ?''

‘‘નિશાળે ભણવા જાઉં છું.’’

અમીરને થયું કે ડોસો મારી મશ્કરી કરે છે. પણ ડોસાએ રોતાંરોતાં કહ્યું, ‘‘શું કરું, બાપુ? છોકરાંઓએ મળીને મને નિશાળે ભણવા જવાનું કહ્યું. હું કોઈને ઘેર પોષાતો નથી. બધા મને હડધૂત કરે છે.’’

અમીરે કહ્યું, ‘‘દાદા, તમે મૂંઝાઓ મા. તમારે નિશાળે જવાની જરૂર નથી. તમને હું મદદ કરીશ, હું કહું એમ કરજો.’’ એમ કહીને અમીરે પોતાની કેડેથી રેશમી લૂગડાની એક કોથળી કાઢીને તેમાં કંઈક ભર્યું. આખી કોથળી ભરાઈ ગઈ એટલે તેનું મોઢું દોરીથી બાંધીને એ કોથળી એક મોટી વજનદાર લાકડાની પેટીમાં મૂકીને પેટી બરાબર બંધ કરી દીધી. આ પેટી ડોસાને આપતાં-આપતાં અમીરે કહ્યું, ‘‘આ લો પેટી, ને તમારાં છોકરાંઓને હું કહું એમ કહેજો.’’ પછી અમીરે છોકરાંઓને શું કહેવું એ વિશે વિગતવાર સૂચના આપી.

ડોસો અમીરનો આભાર માનતો માનતો પેટી લઈને પાછો ઘર તરફ વળ્યો. ત્યાં છોકરાંઓએ તેને મોટી પેટી લઈને આવતો જોયો. આવી મોટી પેટી હોય એટલે એમાં કંઈ માલ હોય એ તો નક્કી. છોકરાંઓ ને તેમની વહુવારુઓ ડોસાને ઘેર લાવ્યા, ને ડોસાનો ખજાનો જોવા માટે આતુર થઈ ગયાં. ડોસાને પોતપોતાને ઘેર લઈ જવા માટે ખેંચાખેંચી થવા માંડી, ‘‘બાપા, ઘેર હાલો. તમે થાક્યાપાક્યા હશો. ખાઈ-પીને જરા આરામ કરો.’’

ડોસાએ ચારે છોકરાંઓને માંડીને વાત કરી, ‘‘દીકરાઓ, ઘણા વરસો પહેલાં હું જુવાન હતો ત્યારે બે પૈસા રળેલો. મને થયું કે ઘડપણમાં કામ આવે એટલે આ પૈસા ક્યાંક સાચવીને મૂકી રાખું. ક્યારે કેવો વખત આવશે, તે કંઈ કહેવાય છે? એટલે મેં આ મૂડી એક પેટીમાં ભરીને જંગલમાં એક ઝાડની નીચે ખાડો ગાળીને તે પેટી દાટી દીધી. પછી તો એ પેટીની કોઈ જાતની ફિકર મેં કરી જ નહીં. કારણ કે, મારે આવા સારા દીકરાઓ હોય પછી મારે શી ચિંતા હોય? પણ તમે બધાએ ભેગા મળીને મને નિશાળે ભણવા મોકલ્યો, ત્યારે રસ્તે ચાલતાં-ચાલતાં આ પેટી મને યાદ આવી. મને થયું કે પેટી સાદ પાડીને બોલાવે છે. હું ઝાડ નીચે ગયો, ને ખોદીને જોયું તો ત્યાં પેટી પડી હતી એ લઈને હું પાછો ફર્યો. હવે મરીશ ત્યાં સુધી મારી પાસે આ પેટી રાખીશ. જે છોકરો જીવતાં પાળશે તેને મારા મર્યા પછી આ પેટી આપવાનું કહેતો જઈશ. બોલો, હવે કોને ત્યાં મારું રહેવાનું રાખું?’’

ત્યાં તો છોકરાંઓમાં બાપાને પોતપોતાને ઘેર રાખવા માટે પડાપડી થવા માંડી અને ડોસાને હવે તો વારાફરતી બધા તાણ કરીને ઘેર લઈ જતા ને ખૂબ આગતા-સ્વાગતા કરતા. ડોસાને સારુંસારું ખાવાનું આપવા માંડ્યા ને તેના શરીર પર હવે ફાટેલું કપડું દેખાતું નથી.

આમ ને આમ ડોસાનાં પાછલાં વરસો સુખચેનમાં જવાં લાગ્યાં, ને વખત જતા ડોસાનો દેહ પડી ગયો.

તરત જ છોકરાઓમાં પેલી પેટી હાથ કરવા માટેની પડાપડી શરૂ થઈ ગઈ. દરેક છોકરાએ દાવો કર્યો કે મેં ડોસાને જેવા સાચવ્યા છે એવા કોઈએ નથી સાચવ્યા અને એટલે આ મિલકતમાંથી મોટો ભાગ મને મળવો જોઈએ. આખરે ચારેય જણાએ ગામના ડાહ્યા માણસોને ન્યાય કરવા બોલાવ્યા. ગામનાં લોકોએ કહ્યું કે બધા ભાઈઓએ ડોસાને સરખા જ સાચવ્યા છે એટલે મિલકતના ભાગ સરખા જ પાડવા જોઈએ.

છોકરાંઓએ બાપનું બારમું ધામધૂમથી ઊજવ્યું. મંદિરમાં ધર્માદો પણ સારી રીતે કર્યો.

આ બધી ધમાલ પતી ને જરાક નિરાંત મળી, એટલે બધાએ ભેગા મળીને હવે પેલી પેટીમાંના ખજાનાની વહેંચણી માટેની વિધિની તૈયારી કરી. પેટી ખોલી એટલે અંદરથી ઊંચા પ્રકારના રેશમની કોથળી નીકળી. થેલી ખખડાવી તો અંદરથી કાનને મધુર લાગે તેવો રણકાર સંભળાયો. કોથળી પર બાંધેલી દોરી છોડી અને કોથળી થાળમાં ઊંધી કરી ઠાલવી. થાળમાં જોયું તો બધાની આંખે ઘડીક ચક્કર આવી ગયાં. થાળીમાં કાચના કટકા ચળકતા હતા !

દીકરાઓએ જોયું કે આ તો આપણે ઉલ્લુ બન્યા, એટલે બધા એકબીજા પર ખિજાવા લાગ્યા ને ભાંડવા લાગ્યા. પણ ત્યાં એકઠા થયેલા ગામનાં લોકો તો ખડખડાટ હસી પડ્યા.

''લો, જુઓ ! દીકરાઓએ ઘરડે ઘડપણ બાપને નિશાળે ભણવા મોકલ્યા હતા. ડોસાને બિચારાને ઘરડે ઘડપણે ભણતાં વાર તો લાગે, પણ ડોસો જે ભણ્યો તે ખરેખરું ભણ્યો હોં !''

❀ ❖ ❀